રે.દી.મુ.નં.૫૧/૧૩

**<u>–: આંક–૧ નીચે હુકમ :–</u>**

।૧। આ કામમાં વાદીએ હાલના પ્રતિવાદીઓ વિરુઘ્ધ વડીલોપાર્જીત મિલ્કતના ભાગ પાડી તેનું વિભાજન કરી વાદીના ભાગનો કબજો અપાવવા તથા વિજ્ઞાપન અને કાયમી મનાઈ હુકમ મળવા અંગે હાલનો દાવો દાખલ કરેલ છે. સદરહુ કામમાં આંક–૪૧ થી તા.૧૮/૧૦/૨૦૧૬ ના રોજ મુદા ઘડવામાં આવેલ છે. ત્યારબાદ હાલનો દાવો વાદીના પુરાવા ઉપર મુલ્તવી રાખવામાં આવેલ અને વાદીએ તા.૨૦/૯/૨૦૧૭ ના રોજ પોતાનું સરતપાસનું સોગંદનામુ આંક–૪૪ થી રજુ કરેલ છે. ત્યારથી સદરહુ દાવો વાદીની ઉલટ તપાસ પર ચાલે છે. વાદી કે વાદીના વકીલશ્રી વાદીની સરતપાસનું સોગંદનામુ રજુ કર્યા બાદ અત્રેની અદાલતમાં હાજર રહેલ નથી અને આજરોજ પણ વાદીની અવાર નવાર પોકાર કરાવવા છતાં વાદી કે તેમના વકીલશ્રી હાજર રહેલ નથી કે કોઈ રીપોર્ટ આપેલ નથી કે વાદી તરફે કોઈ રજુઆત નથી અને પ્રતિવાદીની કસુરના કારણે દાવામાં મુદતો પડેલ હોય એવુ પણ બનેલ નથી. તેથી હાલનો દાવો વાદીની કસુરના કારણે લંબાયા કરે છે અને કોર્ટના કિંમતી સમયનો વ્યય થઈ રહેલ છે, તેથી હવે હાલના દાવા કામે વાદીને પુરાવો રજુ કરવા માટે વધુ મુદત આપવાનુ ન્યાયોચિત જણાઈ આવતુ ન હોય, ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–: હુ ક મ :–

વાદીનો હાલનો દાવો સી.પી.સી.ઓર્ડર–૯, રૂલ–૩ અન્વયે ડીસમીસ ફોર ડીફોલ્ટથી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

માણાવદર
તા.૦૮/૧૦/૨૦૧૮

( રીયાઝુદ્દીન ગનીભાઈ મનસુરી )
પ્રીન્સીપાલ સીવીલ જજ
માણાવદર
જીજે ૦૧૧૫૯